



# કોંગ્રેસની કેન્દ્રમાં આખી સરકાર ભ્રષ્ટાચારમાં ડૂબેલી છે : નરેન્દ્ર મોદી

## કોંગ્રેસ પાસે ગુજરાતના વિકાસનો કોઈ પણ મુદ્દો નથી : ઉત્તર ગુજરાત અને જામનગરમાં નરેન્દ્ર મોદીની સભામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા : કોંગ્રેસે ગુજરાતને બદનામ કરવા સિવાય કશુ કર્યુ નથી : મોદી

અમદાવાદ,તા. ૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરગુજરાતમાં ભાજપની ચૂંટણી સભાને સંબોધતા કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ડીસા, સમી માલવણમાં જંગી મેદની ઉમટી પડી હતી. કોંગ્રેસે ગુજરાતનો વિકાસ કર્યો નથી. માત્ર બદનામ કર્યુ છે. કોંગ્રેસે ગુજરાતના ખેડૂતો માટે શું કર્યુ છે તે પ્રશ્ને જવાબ આપવા પડકાર ફેંક્યો હતો. કોંગ્રેસે ખેડૂતોને દેવાદાર બનાવ્યા હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ખેડૂતો માટે શું કર્યુ તેનો સ્પષ્ટ જવાબ આપવા સોનિયા ગાંધી અને વડાપ્રધાનને મોદીએ પડકાર ફેંક્યો હતો. ઉત્તર ગુજરાતના ઝેરડા-ડીસા, સમી અને માલવણની ચૂંટણી સભાઓમાં મોદીએ નર્મદા યોજનાને અટકાવવામાં કોંગ્રેસ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે જો નર્મદા યોજનાની મંજુરીઓ કોંગ્રેસે સમયસર આપી હોત તો ઉત્તર ગુજરાત અને કચ્છ અને કાઠિયાવાડ ક્યારના લીલાછમ બની ગયા હોત પરંતુ કોંગ્રેસની સરકારે



ભૂતકાળમાં નર્મદા યોજનાની સતત ઉપેક્ષા કરી હતી અને છેલ્લા ૧૦ વર્ષથી નર્મદાના પાણી ખેતરે ખેતરે અને ગામે ગામ પહોંચાડવા ભાજપની સરકારે યુદ્ધના ધોરણે કામગીરી અદા કરી છે. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે ગુજરાતના ખેડૂતો સાથે કોંગ્રેસની કેન્દ્ર સરકાર છેતરપિંડી કરી રહી છે. ગયા ચોમાસામાં વરસાદ મોડો થવાથી ૧૫૦૦૦ કરોડનું રાહત પેકેજ આપવા કેન્દ્રના મંત્રીઓએ વચન આપ્યુ હતુ પરંતુ હજુ સુધી કોઈ પણ નાણાં ચુકવાયા નથી. મોદીએ આક્રોશ પૂર્વક કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે. મોદીએ કહ્યુ હતુ કે ભાજપની રાજ્ય સરકારને ભ્રષ્ટ ગણાવવાના જુઠાંણા શરમજનક છે. કેન્દ્ર સરકાર આખી ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે. ભ્રષ્ટાચાર વિશે બોલવાનો કોંગ્રેસને કોઈ અધિકાર નથી. બપોરે મોદીએ જામનગર જિલ્લામાં ચૂંટણી અભિયાન શરૂ કર્યુ હતુ. મોદીએ કોંગ્રેસની સત્તાભૂખ અને ગુજરાત વિરોધી નકારાત્મક માનસિકતા સામે ભાજપે ગુજરાતના કિસાનોને સમૃદ્ધ કરવા અને કૃષિને આબાદ બનાવીને કૃષિ ઉત્પાદનોની આવકમાં સાતગણો વધારો કર્યો હોવાનો દાવો કર્યો હતો. કૃષિ ક્ષેત્રની આવક એક લાખ કરોડ ઉપર પહોંચી ગઈ હોવાની વાત પણ મોદીએ કરી હતી.

## ગુજરાત સરકારને ગરીબોની નહીં પણ માનીતાની પડી છે : સોનિયા

- ગુજરાત સરકાર રૂ. ૧૫ હજાર કરોડની વનબંધુ યોજનાનો ઉલ્લેખ કરે છે, પરંતુ જે સવલતોનું વચન આપવામાં આવ્યું હતું, તે કયાં ગઈ? આદિવાસી યુવાનોને શા માટે રોજગાર નથી મળ્યો?
- દક્ષિણ ગુજરાતના આદિવાસી ગામોમાં હજુ સુધી પીવાનું પાણી પહોંચ્યું નથી.
- ગુજરાત એ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિ છે તેઓ જે કહેતાં તે કરતાં. ગુજરાતના આજના નેતા જેવા ન હતા, જે માત્ર ઉપદેશ આપે છે અને કશું કરતા નથી.
- યુપીએની વડાપ્રધાન સડક યોજના હેઠળ દક્ષિણ ગુજરાત વિસ્તારમાં રસ્તાઓ બન્યા.
- યુપીએ સરકારને કારણે જ નેશનલ હાઈવે નંબર-૮ સિકસલેન બની રહ્યો છે.



- યુપીએ સરકારે આદિવાસીઓને જમીનોનાં અધિકાર આપ્યા, પણ રાજય સરકારને કારણે તેનો અહીં અમલ નથી થયો.
- ગુજરાત સરકારે જે વચનો આપ્યા હતા, તે ખોટા હતા. તેની તુલના કોંગ્રેસ સરકાર સાથે કરો. જે કોઈ વચન કોંગ્રેસે આપ્યું, તેનું પાલન કર્યુ હતું. માત્ર વચનો આપતાં આવા નેતાઓથી દૂર રહો.
- કેન્દ્ર સરકારે ગુજરાત સહિત અનેક રાજય સરકારોને હજારો કરોડ આપ્યાં છે, તે કયાં ગયા તે કોઈ જાણતું નથી.
- ૨,૨૫,૦૦૦ લાખ તળાવ કયાં ગયાં, જેનું ભાજપે તમને વચન આપેલું? જે વિકાસનું તમને વચન આપવામાં આવેલ હતું તે કયાં ગયું?
- ગુજરાત સરકાર ભ્રષ્ટ હોવાનો સોનિયા ગાંધીનો આરોપ
- મુશ્કેલમાં કોંગ્રેસ લોકો સાથે રહી છે
- હજીરા, વાપી, અંકલેશ્વરનો વિકાસ કોંગ્રેસને કારણે થયો.
- જો ગુજરાત સરકારે તમારી સમસ્યા પર ધ્યાન આપ્યું હોત, તો તમારી આ જે આ સ્થિતિ ન થઈ હોત.
- દક્ષિણગુજરાત સાથે કોંગ્રેસને ખાસ સંબંધ.
- યુપીએ સરકારે ખડૂતોનું કરોડો રૂપિયાનું દેવું માફ કર્યું, છતાં ગુજરાતનાં ખેડૂતો બેહાલ, જેનું કારણ ગુજરાત સરકારની ખેડૂત વિરોધી નીતિ જવાબદાર છે.
- આ વિસ્તારને સારી રેલ સુવિધા મળે તે માટે કોંગ્રેસે પ્રયાસો કર્યા.
- ગુજરાતમાં ખેતી અને લઘુ ઉદ્યોગોનો પાયો કોંગ્રેસે નાખ્યો.
- કોંગ્રેસના કાર્યકાળમાં ઉકઈનું નિર્માણ થયું, જે દક્ષિણ ગુજરાત માટે આશીર્વાદરૂપ બની.
- કોંગ્રેસની સરકાર ખેડૂતોની સરકાર છે.
- ભાજપની સાગરખેડૂ યોજના છતાં માછીમારોનું જીવન ધોરણ સુધર્યું નથી.
- ગુજરાતમાં સ્ત્રીઓનું શોષણ થઈ રહ્યું છે અને અન્યાય થઈ રહ્યો છે. ગુજરાતમાં યુવાનો બેરોજગાર છે અને બાળકો કુપોષિત છે.
- કોંગ્રેસે સમાજનાં તમામ વર્ગોને એક જ નજરે જોયાં છે.
- ગુજરાત સરકારને કરોડો રૂપિયા કેન્દ્ર સરકારે આપ્યા. ગુજરાતની વર્તમાન સરકારને ગરીબોમાં રસ નથી. તેમનમો રસ પોતાનાઓ અને ખાસ લોકોને જ આગળ લઈ જવામાં છે.
- ઢંઢેરામાં આપેલા વચનોને પૂર્ણ કરવા માટે ઈમાનદારી અને લગનથી મહેનત કરીશું.
- કોંગ્રેસની તરફેણમાં ભારે મતદાન કરવા લોકોને હાંકલ
- સોનિયાએ અમરસિંહ ચૌધરી, સરદાર પટેલ અને ઈન્દિરા ગાંધી સહિતના નેતાઓને યાદ કર્યા હતાં.

### મોદીની અપેક્ષાઓ પર પાણી ફેરવતા ગડકરી

# વડાપ્રધાન પદના ઉમેદવાર રૂપે કોઈને રજુ નહીં કરાય

## વડાપ્રધાન પદના મુદ્દાને લઈને ભાજપના ટોચના રાષ્ટ્રીય નેતાઓમાં ગજગ્રાહ જારી : ગડકરીનું વિવાદાસ્પદ નિવેદન

નવી દિલ્હી, તા. ૭

આગામી ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર કોણ હશે તેને લઈને ઘણા સમયથી ભાજપના રાષ્ટ્રીય નેતાઓમાં ગજગ્રાહ ચાલી રહ્યો છે. પ્રતિદિન એકાદ રાષ્ટ્રીય નેતા આ મુદ્દે પલિતો ચાંપ્યા જ રાખે છે. બે દિવસ અગાઉ વિપક્ષ નેતા સુષ્મા સ્વરાજે ગુજરાતના મુખ્યમંત્રી મોદીને વડાપ્રધાનપદ માટે યોગ્ય ઉમેદવાર ગણાવ્યા હતા.

હવે આજે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરીએ કહ્યું હતું કે, ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં પક્ષ તરફથી કોઈને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજૂ કરશે નહીં. એક ટીવી ચેનલ દ્વારા આયોજીત પરિચર્ચામાં ગડકરીએ કહ્યું હતું કે, ભાજપ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પછી જ વડાપ્રધાન પદ અંગે નિર્ણય કરશે. ચૂંટણીમાં કોઈપણને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે રજુ નહીં કરીએ.

ચૂંટણી પરિણામ જ નક્કી કરશે કે વડાપ્રધાન કોણ બનશે ? લોકસભામાં વિપક્ષ નેતા સુષ્મા સ્વરાજે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રચારસભા દરમ્યાન વડાપ્રધાન પદ અંગે ટિપ્પણીના બે દિવસ પછી રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરીનું નિવેદન આવ્યું છે. ગુજરાતના વડોદરા શહેરમાં ચૂંટણી સભાને સંબોધન કરતાં સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, એ વાતમાં કોઈ શંકા નથી કે મોદી વડાપ્રધાન પદ માટે યોગ્ય ઉમેદવાર છે.

જો કે ગઈકાલે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં સુષ્માએ સ્પષ્ટતા કરી હતી કે, તેમણે મોદીને વડાપ્રધાનપદ માટે લાયક ઉમેદવાર ગણાવ્યા હતા. ના કે સશક્ત દાવેદાર. ગડકરીએ આ પ્રચલિત ધારણાને પણ ખોટી ગણાવી કે ભાજપમાં સંઘનું સંપૂર્ણ પારદર્શી છે. સંપૂર્ણ વિશ્વાસ સાથે કહી શકું કે ભાજપ સંઘ સંચાલિત નથી. પક્ષના સભ્યોમાં સખત વિરોધનો સામનો કરી રહેલ ગડકરીએ કહ્યું હતું કે, હું રાજીનામું નહીં આપું. મેં કંઈ ખોટું કર્યું નથી. મેં કોઈ ભ્રષ્ટાચાર કર્યો નથી. મારી વિરુદ્ધ કોઈ નોટીસ નથી. કોઈ હાઈકોર્ટના આદેશ નથી. કોઈ સીબીઆઈ તપાસ નથી.



અમદાવાદ ખાતે આજે મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો તે પ્રસંગની તસવીર.

# ગુજરાત વિશે જૂઠાંણાનો જનતા હિસાબ આપશે

અમદાવાદ,તા. ૭

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા અને પ્રદેશ પ્રવક્તા મનસુખ માંડવિયાએ ગુજરાતમાં આવીને સોનિયા ગાંધીએ ફરી એકવાર જનતાને ગુમરાહ કરવા, તેમના તૈયાર કરેલા ભાષણમાં જૂઠાંણા ફેલવવા બદલ આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે ગુજરાત વિશેના જૂઠાંણાનો જનતા હિસાબ ચુકતે કરશે. કોંગ્રેસ પાસે ગુજરાતના વિકાસની નક્કર ભૂમિકાની કોઈ વાત જ નથી. છ કરોડ ગુજરાતીઓએ મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસને જોયો અને અનુભવ્યો છે. સોનિયા ગાંધીને વિકાસ દેખાય તો પણ તેનો જાહેરમાં સ્વીકાર કરવાની હિમ્મત નથી. ગુજરાત દેશમાં સૌથી શાંત અને સલામનત રાજ્ય છે.

# મોદીના ભાષણોથી પ્રજાની વેદના ભુલાશે નહિ : કેશુભાઈ

ગાંધીનગર, તા. ૬

ક્યારેય કોઈ સમસ્યામાં મોદી કે ભાજપ સરકાર પ્રજાની પડખે ઉભી છે ? તેવું પ્રજાને પૂછીને કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે ભાજપ સરકાર પ્રજા પડખે ઉભી નથી અને મોંઘવારી માટે બીજા પર આક્ષેપો કરે છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીના સ્થાપક અધ્યક્ષ કેશુભાઈ પટેલે પોતાના બ્લોગમાં જણાવ્યું છે કે ભાજપ સરકારે ક્યારેય વેટ કે વીજડ્યુટી ઘટાડી છે ખરી ? મત આપવા માટે બટન દબાવો તે પહેલા શાંત મને વિચારજો કે માત્ર પ્રચારલક્ષી સરકારે તમારૂ કાંઈ ભલું કર્યું છે ? જ્યારે પ્રજાને સરકારની જરૂર હતી ત્યારે સરકાર તો ઉત્સવો અને મેળાઓમાં જ વ્યસ્ત હતી. જેમના બાળકો ગુમ થયા છે એવા વાલીઓ મુખ્યમંત્રીને મળવા ગયા તો તેમની સાથે ત્રાસવાદીઓ જેવો વ્યવહાર થયો.

તેમણે જણાવ્યું છે કે પ્રજાની વ્યાપક સમસ્યાઓમાં પણ મોદી સરકાર પડખે ઉભી રહી નથી. સૌરાષ્ટ્ર પાણી વગર તરફડે છે પણ ૧૧ વર્ષના એક ચક્રી શાસન પછી પણ મોદી પાણી આપી શક્યા નથી. આપવું પણ નથી. સુરતમાં પુર આવ્યું ત્યારે પણ મોદી પડખે નહોતા હીરાવાળા કે ટેક્ષટાઈલની મંદી આવી ત્યારે પણ એક રૂપિયાની મદદ કરી નથી આ વર્ષે જે ખેડૂતના પાક નિષ્ફળ ગયા છે તેના પાક વીમાની રકમ આવે તે પહેલાં ગુજરાત સરકાર કોઈ મદદ કરે એ માંગ પણ તેમણે ઠુકરાવી હતી જ્યારે ગુજરાત દુષ્કાળ જેવી સમસ્યામાં સપડાયું હતું, પાણીના ટીપા માટે વલખા મારતું હતું ત્યારે મોદી જાપાનમાં બુલેટ ટ્રેનમાં ફરતા હતા.

તેમણે જણાવ્યું છે કે ગુજરાતની પ્રજા હવે વિચારીને મતદાન કરે શું પ્રજા ભાષણ અને પ્રચારથી પ્રભાવિત થઈને ૧૧ વર્ષની પીડા ભુલી જશે ? મોઘવારી લાવનાર ગુજરાતનું દેવું વધારનાર બેરોજગારી માટે જવાબદાર પાણી નહિ આપનાર અને માત્ર જુઠ્ઠાણા બોલનાર આ સરકાર છે એ ગુજરાતની પ્રજા ભૂલી જશે ?

# લોકશાહીના રક્ષણ માટે કોંગ્રેસને વિજયી બનાવીએ

## ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર જુગાજી ઠાકોરના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૬

ભાજપ દ્વારા દેશમાં લોકશાહી ઉપર ઉભા કરાયેલા ખતરાને નેસ્તનાબુદ કરવા માટે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તક હોવાનું જણાવતા પાટણના કોંગ્રેસી સાંસદશ્રી જગદીશભાઈ ઠાકોરે ઉમેર્યું છે કે, ગુજરાતમાં શાસનનો તખ્તો પલટાવી નાંખવાનો લોકશાહી રીતે પ્રજાને અધિકાર મળ્યો છે. ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવારશ્રી જુગાજી ઠાકોરના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા શ્રી જગદીશભાઈ ઠાકોરે ભાજપ દ્વારા ચૂંટણીમાં કોંગ્રેસના કાર્યકરોને ધમકી આપવાના કરાતા પ્રયાસોને સાંખી નહીં લેવા હાંકલ કરી






હતી. ગાંધીનગર નજીક ચિલોડા ખાતે ગાંધીનગર દક્ષિણ બેઠકના કાર્યાલયનો આજે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસદસભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, ગાંધીનગરના લોકો મુખ્યમંત્રીની કામગીરીથી વાકેફ છે. જેમાં કિન્નાખોરી રાખી પ્રજા અને કોંગ્રેસી કાર્યકરોની હેરાનગતી કરવામાં આવે છે. પરંતુ ભાજપના વહીવટીતંત્રને કન્ટ્રોલ કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે. પંચાયતથી લઈ સંસદ સુધીની ચૂંટણીમાં ભાજપને મત નહીં આપનારને ભાજપ દ્વારા વિવિધ રીતે અન્યાય કરવામાં આવ્યો છે. ત્યારે ઉદ્યોગપતિઓ તરફી અને ગરીબલક્ષી વિચારધારા વચ્ચેના આ ચૂંટણી જંગમાં ખાસ કરીને યુવાનો અને મહિલાઓને બુથના બદલે દરેક વાસ-માઢ પ્રમાણે પ્રચારનું આયોજન કરી ૨૦મીએ સચિવાલયમાં પ્રવેશના દ્વાર ખોલી નાંખવા તેમણે અપીલ કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ડો. સી.જે. ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ એ કોઈ એક વ્યક્તિની જાગીર નથી. પરંતુ વિચારધારા છે. તેમણે કોઈની પણ ધાકધમકીથી નહીં ડરવાનું જણાવતા ઉમેર્યુ હતું કે, મુખ્યમંત્રીની છાતી સામે આપણે પંચાયતથી ધારાસભ્યની ચૂંટણી જીતી લાવ્યા છે. તેમણે તમામનું જીવનધોરણ સુધારવા કાયદા-કાનુન વિના ચાલતા ભાજપના શાસનને ફગાવી દઈ માણસા પેટર્નથી કોંગ્રેસના પાચેય ઉમેદવારોને વિજયી બનાવવા હાકલ કરી હતી. જ્યારે કોંગ્રેસના ઉમેદવારશ્રી જુગાજી ઠાકોરે જણાવ્યું હતું કે, ૪૦ વર્ષની સેવાની કોંગ્રેસ પક્ષે કરેલી કદરમાં પ્રજાને વિકાસકાર્યો માટે અમૂલ્ય અવસર મળ્યો છે. તેમણે ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષથી પ્રજાને પડી રહેલી હાલાકી નિવારવા માટે ભાજપને જાકારો આપવા હાકલ કરી હતી.

આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી જશુભા રાણા, હિનાબેન પટેલ, સોંધાજી ઠાકોર, ચાંદખેડા-મોટેરા વોર્ડના મુકેશ નાયક, ડો. કૌશિક શાહ, યાકુભાઈ મનસુરી, હિમાંશુ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મંગીબેન પટેલ, લાલભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, મૂલચંદભાઈ રાઠોડ, પ્રમુખભાઈ પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. તેમણે બેરોજગારી, ફિક્સ પગારમાં વધારો, ભાજપની ધાકધમકી સાથે વિકાસનો કોટો દંભ જેવા મુદ્દા ઉપર ભાજપ સામે આકરા પ્રહારો કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેનશ્રી અરવિંદસિંહ સોલંકીએ કર્યું હતું.જ્યારે આ પ્રસંગે ઉપસ્થિત રહેલા તમામ વિસ્તારના અનેક આગેવાનો અને કાર્યકરોએ સંગઠીત થઈ કોંગ્રેસ તરફી ઉષ્માભર્યો માહોલ સર્જ્યો હતો.